INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૨૬-૦૪-૨૦૨૫**

**ગુજરાતમાં અદાણી સમૂહ સંચાલિત ખાનગી બંદર મુન્દ્રા પોર્ટ પર પકડાયેલ ૩૦૦૦ કિ.ગ્રા., ૨૧,૦૦૦ કરોડના ડ્રગ્સ કન્ટેનર અને પહલગામ આતંકી હુમલા વચ્ચે સબંધને લઈને રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) દ્વારા સર્વોચ્ચ અદાલતમાં રજૂ થયેલા રિપોર્ટ દેશ માટે ચોંકાવનારા** છે અને રાષ્ટ્રીય સુરક્ષા અંગે ઘણા જ ગંભીર છે ત્યારે ભાજપ સરકારનો જવાબ માંગતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, સમગ્ર દેશને હચમચાવી નાંખનાર પહલગામ હુમલામાં 28 લોકોના મોત થયા. સમગ્ર દેશમાં ભારે આક્રોશ છે. સરકાર કબૂલે છે કે સુરક્ષામાં ચૂક રહી. છેલ્લા ઘણા સમયથી ભારતીય લશ્કરમાં 1,80,000 સૈનિકોની જગ્યા ખાલી છે. સરકારની ફરજ છે કે **સેનાનું સંખ્યાબળ, આયુધબળ અને મનોબળ મજબૂત બનાવવામાં આવે.** છેલ્લા કેટલાય સમયથી કરોડો રૂપિયાનું ડ્રગ્સ પકડાઈ રહ્યું છે અનેક ગણું ડ્રગ્સ રાજ્યમાં અને દેશમાં ફેલાઈ રહ્યું છે, ગુજરાત જે ડ્રગનો ગેટ વે બન્યો ત્યાં ભાજપનું ૩૦ વર્ષથી શાસન છે.

રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) એ સુપ્રિમકોર્ટમાં જે જવાબ રજૂ કર્યો તેમાં અદાણી સમૂહ સંચાલિત મુન્દ્રા બંદરેથી 3000 કિલો ડ્રગ્સ જેની 21000 કરોડ કિંમત થાય છે, ટેલકમ પાવડર જેવું મટીરીયલ હકીકતમાં ડ્રગ્સ હતું, આ કરોડો રૂપિયાના ડ્રગ્સ ને પહલગામ સાથે સબંધ છે તે ચોંકાવનારી અને ગંભીર બાબત છે. આ ડ્રગના નાણાંથી લશ્કર એ તોઈબા આપણા દેશના લોકો ઉપર જ હુમલા કરે છે. **આતંકવાદ સામેની લડતમાં કેન્દ્રને કોંગ્રેસે સંપૂર્ણ ટેકો જાહેર કર્યો છે.** પણ ડ્રગ્સ મામલે અમારા સવાલ છે, સરકાર કેમ ખાનગી પોર્ટ ઉપર રહેમરાહની નજરે જોવે છે ? **નિર્દોષ નાગરિકોના મોત માટે, આતંકના આકાઓને પનાહ દેનાર પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના માલ-સામાનની આયાત નિકાસ કેમ અટકાવવામાં આવતી નથી ?** અમે ભૂતકાળમાં પણ કહેતા હતા કે રોજબરોજ દરિયાકિનારે અથવા બંધ થયેલ ફાર્મા એજન્સીઓમાં ડ્રગ બને છે જે દેશના લાખો યુવાનોને બરબાદ કરી રહ્યાં છે. ગેરકાનૂની રીતે નાણાં એકઠા કરી આતંકના આકાઓ હુમલા કરે છે. **સરકાર ગંભીરતાથી તપાસ કરે કે આ ડ્રગ્સ કેટલા કન્ટેનરમાં આવ્યું હતું ? અને તે મોકલનાર અને દેશ સાથે ગદ્દારી કરનારા, મંગાવનારા કોણ છે ? સરકાર આંખ બંધ રાખવાની નીતિ બંધ કરે.**

અમદાવાદ અને સુરતમાં બાંગ્લાદેશી નાગરિકોને ડિપોર્ટ કરવા મામલે સફાળી જાગેલી સરકાર અને પોલીસ તંત્રની ચહેરો ચમકાવવાની કવાયત અંગે જવાબ માંગતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, કોઈ પણ દેશ ગેરકાનૂની રીતે રહેતા લોકોને બહાર કાઢી શકે છે. અમદાવાદ અને સુરત સહિત ભાજપનું ૨૦ વર્ષ કરતાં વધુ સમયથી કોર્પોરેશનમાં શાસન છે. ગેરકાયદે બાંધકામ બન્યા હોય તે માટે ભાજપ શાસિત કોર્પોરેશન જ જવાબદાર છે. 30 વર્ષથી રાજ્યમાં અને 11 વર્ષથી કેન્દ્રમાં ભાજપની સરકાર છે. અમદાવાદ અને સુરતમાં જ્યાં બાંગ્લાદેશીઓ આટલા વર્ષથી વસતા હતા તેમને કોના આશીર્વાદ છે ? ખોટા પુરાવા અને દસ્તાવેજ બની ગયા તે ગંભીર બાબત છે, સરકાર બે દિવસથી જે માહોલ બનાવે છે તે પોલીસ અને સરકારની જ નિષ્ફળતા છે.

કોર્પોરેશન અને સ્થાનિક તંત્ર પણ ભાજપનું છે, કેન્દ્રીય ગૃહ મંત્રી પણ ગુજરાતના છે. ગૃહ રાજ્ય મંત્રી જે વિસ્તારમાંથી આવે છે એ સુરતમાંથી પણ ઘુસણખોરો ઝડપાયા છે. કોંગ્રેસ પૂછવા માગી રહ્યું છે કે ક્યાં મંત્રી અને સંત્રીની મીલીભગત છે ? અચાનક સરકાર સફાળી જાગી છે.

સરકારે સ્પષ્ટતા કરવી જોઈએ કે કોર્પોરેશન, રાજ્ય અને કેન્દ્રમાં ભાજપનું શાસન છે તો આવા ઘૂસણખોરો ઘણા વર્ષોથી ગુજરાતમાં કેવી રીતે વસવાટ કરી રહ્યાં છે ? ખોટાં દસ્તાવેજો તૈયાર કરનારા ભ્રષ્ટ તંત્ર માટે કોણ જવાબદાર ? વર્ષોથી સ્થાનિક પોલીસ તંત્રએ કેમ આંખ આડા કાન કર્યા ?

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા